21. સમાન કાર્બન સંખ્યા ધરાવતા એમાઈન સંયોજનના ઉત્કલનબિંદુ હેલોજન સંયોજન કરતાં વધુ છે જ્યારે આલ્કોહોલ સંયોજન કરતાં ઓછા છે સમજાવો.

## વિભાગ : C

- નીચે આપેલા પ્રશ્ન નં. 22 થી 27 માંથી કોઈપણ 4 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. [16]
(દરેક પ્રશ્નના 4 ગુણ છે.)

22. 1.06 g $mL^{-1}$ ઘનતા ધરાવતા 0.6mL એસેટિક એસિડ ($CH_3COOH$)ને 1 L પાણીમાં ઓગાળવામાં આવ્યો છે. તેના ઠારબિંદુમાં અવનયન 0.0205 °C છે. તો તેના માટે વૉન્ટહોફ અવયવ અને એસિડનો વિયોજન અચળાંક ગણો. [kf = 1.86 K kg $mol^{-1}$] [એસિડનું આણ્વીય દળ = 60 g $mol^{-1}$]

23. લોખંડના ક્ષારણનું રસાયણ સમજાવો અને તેને અટકાવવાના ઉપાયો લખો.

24. 298 k તાપમાને પ્રથમક્રમની પ્રક્રિયાને 10% પૂર્ણ થવા જરૂરી સમય 308 k તાપમાને તે જ પ્રક્રિયાને 25% પૂર્ણ થવા માટે લાગતા સમય જેટલો જ છે. જો Aનું મૂલ્ય $4 \times 10^{10} S^{-1}$ હોય તો 318 K તાપમાને k અને Ea ગણો.

25. $K[Cr(H_2O)_2(C_2O_4)_2] \cdot 3H_2O$ સંકીર્ણના સંદર્ભમાં નીચેના પ્રશ્નોના જવાબ લખો.
    (i) સંકીર્ણનું IUPAC નામ લખો.
    (ii) ધાતુનો સવર્ગઆંક અને ચુંબકીય ચાકમાત્રાનું મૂલ્ય જણાવો. (માત્ર સ્પિન આધારિત)
    (iii) CFT મુજબ d- કક્ષકમાં ઈલેક્ટ્રોનનું ભરણ જણાવો.
    (iv) તેના અવકાશીય સમઘટકોની સંખ્યા જણાવો.

26. એનિસોલની બ્રોમીનેશન, નાઈટ્રેશન, આલ્કાઈલેશન અને એસાઈલેશન પ્રક્રિયાઓ લખો.

27. નીચેના દરેક સંયોજનમાંથી બેન્ઝાલ્ડીહાઇડની બનાવટના માત્ર સમીકરણ લખો.
    (i) બેન્ઝોઈલ ક્લોરાઈડ (ii) બેન્ઝોનાઈટ્રાઈલ
    (iii) ટોલ્યુઈન (iv) બેન્ઝિન

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
### શૈક્ષણિક વર્ષ - 2025-26
### ધોરણ-12 ભૌતિક વિજ્ઞાન (054) (વિજ્ઞાન પ્રવાહ)
### વાર્ષિક પરીક્ષા
### પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| PART-A ગુણ | 06 | 15 | 16 | 13 | - | 50 |
| PART-B ગુણ | 06 | 15 | 16 | 08 | 05 | 50 |
| કુલ ગુણ | 12 | 30 | 32 | 21 | 05 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : (PART-A)**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો | 50 | 50 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : (PART-B)**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વગર | વિકલ્પ સાથે | |
| 1. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 08 | 12 | 16 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 3. | લાંબા પ્રશ્નો (LA) | 04 | 06 | 16 |
| | કુલ | 18 | 27 | 50 |

**પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | વિષયવસ્તુ | પ્રકરણદીઠ ગુણભાર | | | યુનિટદીઠ ગુણભાર (વિકલ્પ વગર) |
|---|---|---|---|---|---|
| | - | PART-A | PART-B | | |
| | | ગુણ | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | વિદ્યુતભારો અને વિદ્યુત ક્ષેત્રો | 06 | 02 | 04 | યુનિટ-1 (25) ગુણ |
| 2. | સ્થિત વિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ | 05 | 03 | 07 | |
| 3. | પ્રવાહ વિદ્યુત | 03 | 06 | 09 | |
| 4. | ગતિમાન વિદ્યુતભારો અને ચુંબકત્વ | 04 | 03 | 03 | યુનિટ-2 (25) ગુણ |
| 5. | ચુંબકત્વ અને દ્રવ્ય | 01 | 02 | 02 | |
| 6. | વિદ્યુત ચુંબકીય પ્રેરણ | 04 | 03 | 05 | |
| 7. | પ્રત્યાવર્તી પ્રવાહ | 02 | 06 | 09 | |
| 8. | વિદ્યુત ચુંબકીય તરંગો | 02 | - | - | યુનિટ-3 (25) ગુણ |
| 9. | કિરણ પ્રકાશશાસ્ત્ર અને પ્રકાશીય ઉપકરણો | 02 | 07 | 09 | |
| 10. | તરંગ પ્રકાશશાસ્ત્ર | 02 | 05 | 05 | |
| 11. | વિકિરણ અને દ્રવ્યની દ્વૈત પ્રકૃતિ | 05 | 02 | 05 | |
| 12. | પરમાણુઓ | 04 | 05 | 05 | યુનિટ-4 (25) ગુણ |
| 13. | ન્યુક્લિયસ | 05 | 04 | 06 | |
| 14. | સેમીકન્ડક્ટર્સ ઇલેક્ટ્રોનિક્સ દ્રવ્યો, રચનાઓ અને સાદા પરિબળો | 05 | 02 | 06 | |
| | કુલ ગુણ | 50 | 50 | 75 | 100 |

નોંધ : પ્રકરણદીઠ ગુણભાર નમૂનાના પ્રશ્નપત્ર મુજબ છે, જે બદલાઈ શકે છે, પરંતુ યુનિટદીઠ ગુણભાર બદલાવો જોઈએ નહીં.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 ભૌતિક વિજ્ઞાન (054) (વિજ્ઞાન પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | પ્રશ્નપત્રનું માળખું | કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | PART - A | |
| 1 થી 50 | બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો ( દરેક પ્રશ્નનો 1 ગુણ ) | [50] |
| | PART - B | |
| | SECTION - A | |
| 1 થી 12 | ટૂંક જવાબી પ્રકારના 2 ગુણના કુલ 12 પ્રશ્નો<br>(તે પૈકી કોઈપણ 08 પ્રશ્નોના ઉત્તર લખવા) | [16] |
| | SECTION - B | |
| 13 થી 21 | ટૂંક જવાબી પ્રકારના 3 ગુણના કુલ 09 પ્રશ્નો<br>(તે પૈકી કોઈપણ 06 પ્રશ્નોના ઉત્તર લખવા) | [18] |
| | SECTION - C | |
| 22 થી 27 | વિસ્તૃત જવાબ પ્રકારના 4 ગુણના કુલ 06 પ્રશ્નો.<br>(તે પૈકી કોઈપણ 04 પ્રશ્નોના ઉત્તર લખવા) | [16] |
| | કુલ ગુણ | 100 |

નોંધ :

- Part - Aનો સમય 1 કલાકનો રહેશે.
- Part - Bનો સમય 2 કલાકનો રહેશે.
- પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/આલેખ આધારિત પ્રશ્નો હોય ત્યાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે તે પ્રશ્નના વિકલ્પમાં અન્ય પ્રશ્ન મૂકવાનો રહેશે.
- પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/આલેખ આધારિત પ્રશ્નો હોય તો તે પ્રશ્નના વિકલ્પ તરીકે બે વિકલ્પ આપવા જેમાં વિકલ્પ (A) → સામાન્ય વિદ્યાર્થીઓ માટે છે અને વિકલ્પ (B) → ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે તેમ સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 ભૌતિક વિજ્ઞાન (054) (વિજ્ઞાન પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

## PART - A

સમય : 1 કલાક | કુલ ગુણ : 50

સૂચનાઓ :

(1) આ પ્રશ્નપત્રના ભાગ-Aમાં બહુવિકલ્પ પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.

(3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.

(4) આપને અલગથી આપેલ OMR શીટમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

(5) રફ કાર્ય પ્રશ્નપત્રમાં જ આપેલી જગ્યા પર કરવાનું રહેશે.

(6) પ્રશ્નપત્રમાં ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્ર સેટ નં. ને OMR શીટમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

(7) વિદ્યાર્થીઓ જરૂર જણાય ત્યાં સાદા કેલક્યુલેટર અને લોગ ટેબલનો ઉપયોગ કરી શકશે.

(8) આ પ્રશ્નપત્રમાં વપરાયેલ સંજ્ઞાઓને તેના પ્રચલિત અર્થ છે.

(9) આ પ્રશ્નપત્રમાં પ્રશ્ન નંબર [47(B)] ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. આ પ્રશ્ન માટે સામાન્ય અને દૃષ્ટિહીન બંને વિદ્યાર્થીઓ માટે OMR પર માત્ર પ્રશ્નનો ક્રમ 47 દર્શાવેલ છે. જેમાં યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપવાનો રહેશે.

---

1. નીચેના પૈકી કયો ગુણધર્મ વિદ્યુતક્ષેત્ર રેખાઓ માટે સાચો નથી ?

(A) વિદ્યુતક્ષેત્ર રેખાઓ એકબીજાને છેદતી નથી.

(B) વિદ્યુતક્ષેત્ર રેખાઓ વચ્ચે તૂટ્યા વિના સતત વક્રો તરીકે લઈ શકાય છે.

(C) વિદ્યુતક્ષેત્ર રેખાઓ બંધગાળો રચે છે.

(D) વિદ્યુતક્ષેત્ર રેખાને કોઈ પણ બિંદુ પાસે દોરેલો સ્પર્શક તે બિંદુ પાસે $\vec{E}$ ની દિશા દર્શાવે છે.

2. સમાન રીતે વિદ્યુતભારિત અનંત સમતલથી $r$ અંતરે સમતલ વડે મળતું વિદ્યુતક્ષેત્ર ________

(A) $\frac{1}{r^2}$ ના સમપ્રમાણમાં હોય (B) $r$ ના સમપ્રમાણમાં હોય

(C) $r^2$ ના સમપ્રમાણમાં હોય (D) $r$ પર આધાર રાખતું નથી.

3. ગુણોત્તર $\frac{ke^2}{Gm_em_p}$ નું પરિમાણ ________ છે.

(A) $[M^1L^{-1}T^0A^{-2}]$
(B) $[M^0L^1T^0A^1]$
(C) $[M^0L^{-1}T^{-1}A^{-2}]$
(D) $[M^0L^0T^0A^0]$

4. વિદ્યુતક્ષેત્રની તીવ્રતાનું પારિમાણિક સૂત્ર ________ છે.

(A) $[M^1L^2T^{-3}A^{-2}]$
(B) $[M^1L^1T^{-3}A^{-1}]$
(C) $[M^1L^2T^{-3}A^{-1}]$
(D) $[M^0L^0T^0A^0]$

5. આપેલ વિદ્યુત-ડાયપોલની અક્ષ પર x અંતરે ($x >> a$) વિદ્યુતક્ષેત્રની તીવ્રતા અને વિષુવરેખા પર y અંતરે ($y >> a$) વિદ્યુતક્ષેત્રની તીવ્રતા સમાન હોય, તો ________.

(A) $\sqrt[3]{2}:1$ (B) 1 : 2 (C) $1:\sqrt{2}$ (D) 1 : 1

6. એક અનંત લંબાઈનો રેખીય વિદ્યુતભાર 2 cm અંતરે $9 \times 10^4$ N/C વિદ્યુતક્ષેત્ર ઉત્પન્ન કરે છે. રેખીય વિદ્યુતભાર ઘનતા ગણો.

(A) 0.2 $\mu$ $Cm^{-1}$ (B) 0.05 $\mu$ $Cm^{-1}$ (C) 0.1 $\mu$ $Cm^{-1}$ (D) 10 $\mu$ $Cm^{-1}$

7. કોઈ પણ વિદ્યુતભાર સંરચના (ગોઠવણી) માટે કોઈ બિંદુમાંથી પસાર થતું સમસ્થિતિમાન પૃષ્ઠ, તે બિંદુએ વિદ્યુતક્ષેત્રને ________ છે.

(A) સમાંતર
(B) લંબ
(C) 45° નો ખૂણો બનાવતી દિશામાં
(D) 60° નો ખૂણો બનાવતી દિશામાં

8. નીચેના પૈકી કયો અણુ વિદ્યુતક્ષેત્રની ગેરહાજરીમાં પણ કાયમી વિદ્યુત ડાઈપોલ ચાકમાત્રા (dipole moment) ધરાવે છે ?

(A) $CH_4$ (B) $CO_2$ (C) $H_2O$ (D) $O_2$

9. સમાન વિદ્યુતક્ષેત્રમાંએક ધન વિદ્યુતભારિત કણને સ્થિર સ્થિતિમાંથી મુક્ત કરવામાં આવે છે. તો વિદ્યુતભારની વિદ્યુત સ્થિતિઊર્જા ________

(A) અચળ રહેશે કારણ કે વિદ્યુતક્ષેત્ર સમાન છે.
(B) વધશે કારણ કે વિદ્યુતભાર વિદ્યુતક્ષેત્રની દિશામાં ગતિ કરે છે.
(C) ઘટશે કારણ કે વિદ્યુતભાર વિદ્યુતક્ષેત્રની દિશામાં ગતિ કરે છે.
(D) ઘટશે કારણ કે વિદ્યુતભાર વિદ્યુતક્ષેત્રની વિરુદ્ધમાં ગતિ કરે છે.

10. 12 *pF*નું એક કેપેસિટર 50V બેટરી સાથે જોડેલું છે. કેપેસિટરમાં કેટલી સ્થિતિવિદ્યુતઊર્જા સંગ્રહ પામી હશે ?

(A) $7.5 \times 10^{-9}$ J (B) $30 \times 10^{-9}$ J (C) $15 \times 10^{-9}$ J (D) $15 \times 10^{-12}$ J

11. 2 *pF*, 3 *pF* અને 4 *pF* કેપેસિટન્સના ત્રણ કેપેસિટરોને સમાંતર જોડેલ છે. સંયોજનનું કુલ કેપેસિટન્સ કેટલું ?

(A) $\frac{12}{13}$pF (B) 24 *pF* (C) 9 *pF* (D) $\frac{13}{12}$pF

12. ઇલેક્ટ્રોનની નીચે આપેલી લાક્ષણિકતાઓ પૈકી કઈ લાક્ષણિકતા વાહકમાં પ્રવાહ નક્કી કરે છે ?

(A) ફક્ત ડ્રિફ્ટવેગ
(B) ફક્ત ઉષ્મીયવેગ (Thermal)
(C) ડ્રિફ્ટવેગ અને ઉષ્મીયવેગ બંને
(D) ડ્રિફ્ટવેગ અને ઉષ્મીયવેગ પૈકી એક પણ નહીં

13. $1cm \times \frac{1}{2}$ ના લંબચોરસ આડછેદ અને 10cm લંબાઈ ધરાવતા ધાતુના સળિયાની સામસામેની બાજુઓ વચ્ચે એક બેટરી જોડેલી છે. સળિયાનો અવરોધ ________ હશે.

(A) જ્યારે બેટરી $1 \text{ cm} \times \frac{1}{2}$ cm બાજુઓ વચ્ચે જોડેલ હોય ત્યારે મહત્તમ.

(B) જ્યારે બેટરી 10 cm × 1 cm બાજુઓ વચ્ચે જોડેલ હોય ત્યારે મહત્તમ.

(C) જ્યારે બેટરી $10 \text{ cm} \times \frac{1}{2}$ cm બાજુઓ વચ્ચે જોડેલ હોય ત્યારે મહત્તમ.

(D) ત્રણેય બાજુઓથી સ્વતંત્ર રીતે સમાન.

14. એક ઉપકરણનો પાવર 'P' અને વોલ્ટેજ 'V' છે. પાવર સ્ટેશનથી ઉપકરણને જોડતાં તારનો નિયત અવરોધ $R_C$ છે. તારમાં વ્યય પામતી ઊર્જા $P_C$ = ________

(A) $\frac{PR_C^2}{V}$ (B) $\frac{P^2R_C}{V^2}$ (C) $\frac{V^2R_C}{P}$ (D) $\frac{VR_C}{P^2}$

15. એક ઇલેક્ટ્રોનને પ્રવાહધારિત લાંબા સોલેનોઈડની અક્ષ પર અચળ વેગથી પ્રક્ષેપિત કરવામાં આવે છે. નીચેનામાંથી કયું વિધાન સત્ય છે ?

(A) ઇલેક્ટ્રોન અક્ષની દિશામાં પ્રવેગિત થશે.

(B) ઇલેક્ટ્રોનનો માર્ગ અક્ષને અનુલક્ષીને વર્તુળાકાર હશે.

(C) ઇલેક્ટ્રોન અક્ષ સાથે 45° ના ખૂણે બળ અનુભવશે તેથી હેલિકલ (સ્પાઈરલ) માર્ગે ગતિ કરશે.

(D) સોલેનોઈડની અક્ષ પર ઇલેક્ટ્રોન અચળ વેગથી ગતિ ચાલુ રાખશે.

16. શૂન્યાવકાશમાં એકબીજાથી એક મીટર અંતરે સમાંતર મૂકેલા બે ખૂબ લાંબા, સીધા અને અવગણ્ય આડછેદ ધરાવતાં સુવાહક તારોમાંથી 1mA વિદ્યુતપ્રવાહ પસાર કરતાં તેમની વચ્ચે લાગતું બળ ________ N જેટલું હોય.

(A) $2 \times 10^{-10}$ (B) $2 \times 10^{-7}$ (C) $2 \times 10^{-13}$ (D) $2 \times 10^{7}$

17. $4 \times 10^{-4}$T જેટલા ચુંબકીય ક્ષેત્રને લંબરૂપે $3 \times 10^{7}$ m/s ની ઝડપથી ગતિ કરતા ઇલેક્ટ્રોન (દ્રવ્યમાન $9 \times 10^{-31}$ kg અને વિદ્યુતભાર $1.6 \times 10^{-19}$ C)ના માર્ગની પરિભ્રમણની આવૃત્તિ કેટલી હશે ?

(A) 17 MHz (B) 11.32 MHz (C) 1.7 MHz (D) 1.132 MHz

18. ગેલ્વેનોમીટરને એમીટરમાં બદલવા માટે ________

(A) મોટો અવરોધ તેની સાથે શ્રેણીમાં જોડવો પડે.

(B) મોટો અવરોધ તેને સમાંતર જોડવો પડે.

(C) લઘુ અવરોધ તેને શ્રેણીમાં જોડવો પડે.

(D) લઘુ અવરોધ તેને સમાંતરમાં જોડવો પડે.

19. એક સોલેનોઈડમાં ગર્ભમાંના (કોર) દ્રવ્યની સાપેક્ષ પરમિએબિલિટી 400 છે. સોલેનોઈડના આંટા ગર્ભથી અવાહક વડે જુદા પાડેલ છે. આંટામાંથી 2A વિદ્યુતપ્રવાહ પસાર થાય છે. જો તેમાં એક મીટર દીઠ 1000 આંટા હોય, તો સોલેનોઈડની અંદર ચુંબકીય ક્ષેત્રની તીવ્રતા (B) ...... T.

(A) 1.5 (B) 1.0 (C) 1.8 (D) 2.0

20. A આડછેદનું ક્ષેત્રફળ, $l$ લંબાઈ અને ચોક્કસ આંટાની સંખ્યા N ધરાવતા સોલેનોઈડનું આત્મપ્રેરકત્વ L વધે છે. જ્યારે....

(A) $l$ અને A માં વધારો થાય. (B) $l$ ઘટે અને A વધે.

(C) $l$ વધે અને A ઘટે (D) $l$ અને A બંને ઘટે.

21. એક પરિપથમાં 0.1 sમાં વિદ્યુતપ્રવાહમાં 5A થી 0A જેટલો ઘટાડો થાય છે. જો પ્રેરિત emf 200V હોય, તો પરિપથનો આત્મપ્રેરકબળ ........ H

(A) 4 (B) 2 (C) 3 (D) 1

22. કમલા એક સ્થિર સાયકલને પેડલ મારે છે. આ સાયકલના પેડલ્સ 100 આંટાઓ અને $0.10m^2$ ક્ષેત્રફળ ધરાવતા ગૂંચળા સાથે જોડાયેલા છે. આ ગૂંચળુ અડધા આંટા પ્રતિ સેકન્ડથી ભ્રમણ કરે છે અને તે ગૂંચળાના પરિભ્રમણની ધરીને લંબરૂપ 0.01T ના ચુંબકીયક્ષેત્રમાં મૂકવામાં આવેલ છે. આ ગૂંચળામાં પેદા થતાં મહત્તમ વોલ્ટેજ શું હશે ?

(A) 0.0134 V (B) 0.0314 V (C) 0.314 V (D) 3.14 V

23. બે સમકેન્દ્રિત ગોળાકાર ગૂંચળા, એક નાની ત્રિજ્યા $r_1$ નું અને બીજું મોટી ત્રિજ્યા $r_2$ નું કે જ્યાં, $r_1 << r_2$ ને કેન્દ્રો થાય તેમ સમઅક્ષીય મૂકવામાં આવેલ છે. આ ગોઠવણનું અન્યોન્ય પ્રેરકત્વ મેળવો.

(A) $\frac{\pi r_1^2}{2r_2}$ (B) $\frac{\mu_0 \pi r_1^2}{2r_2}$ (C) $\frac{\mu_0 \pi r_1^2}{r_2^2}$ (D) $\frac{\mu_0 \pi r_2^2}{2r_1}$

24. 25.48 mH નો એક શુદ્ધ ઇન્ડક્ટર તથા 8Ω નો એક શુદ્ધ અવરોધક 50 Hz આવૃત્તિવાળા એક A.C. સ્રોત સાથે શ્રેણીમાં છે. તો પરિપથમાં વહેતો વિદ્યુતપ્રવાહ (I) અને વોલ્ટેજ (V) વચ્ચેનો કળા તફાવત કેટલો હશે ?

(A) 45° (B) 30° (C) 60° (D) 90°

25. 12 વોટના બલ્બ સાથે જોડેલાં સ્ટેપડાઉન ટ્રાન્સફોર્મરનો આઉટપુટ વોલ્ટેજ 24V મળે છે, તો મહત્તમ પ્રવાહ ($I_m$) નું મૂલ્ય હશે ?

(A) 1.41 A (B) 0.71 A (C) 2A (D) 2.83A

26. પારક્ત, માઇક્રોવેવ, પારજાંબલી અને ગેમા કિરણોને તરંગલંબાઈના ઘટતાં ક્રમમાં જણાવો.

(A) માઈક્રોવેવ, પારરક્ત, પારજાંબલી, ગેમા કિરણો

(B) ગેમા કિરણો, પારજાંબલી, પારક્ત, માઇક્રોવેવ

(C) માઈક્રોવેવ, ગેમા કિરણો, પારરક્ત, પારજાંબલી

(D) પારરક્ત, માઇક્રોવેવ, પારજાંબલી, ગેમા કિરણો

27. LASIK સર્જરીમાં ________ નો ઉપયોગ થાય છે.

(A) રેડિયો તરંગો (B) માઈક્રો તરંગો (C) પારરક્ત કિરણો (D) પારજાંબલી કિરણો

28. શ્વેત પ્રકાશનું એક નાનું સ્પંદ હવામાંથી કાચના સ્લેબ પર લંબરૂપે આપાત થાય છે. કાચમાં ગતિ કર્યા બાદ સૌપ્રથમ કયું નિર્ગમન પામશે ?

(A) વાદળી (B) લીલો (C) જાંબલી (D) લાલ

29. ઑપ્ટિકલ ફાઈબરમાં ગર્ભના દ્રવ્યનો વક્રીભવનાંક આવરણના દ્રવ્યના વક્રીભવનાંક ________ હોય છે.

(A) કરતાં નાનો (B) જેટલો (C) કરતાં મોટો (D) થી અડધો

30. પ્રકાશનું કિરણ લંબગત છે તેવું ________ પ્રકાશકીય ઘટનાથી જાણી શકાય છે.

(A) વ્યતિકરણ (B) પરાવર્તન (C) વિવર્તન (D) ધ્રુવીભવન

31. વ્યતિકરણના યંગના બે સ્લિટના પ્રયોગની ગોઠવણીને હવામાંથી પાણીમાં લઈ જતાં તેની શલાકાની પહોળાઈ ________ .

(A) અનંત બને છે. (B) ઘટે છે. (C) વધે છે. (D) બદલાતી નથી.

32. સ્ટૉપિંગ પોટેશિયલ વિરુદ્ધ આપાત વિકિરણની આવૃત્તિના આલેખનો ઢાળ = ________

(A) h (B) $\frac{h}{e}$

(C) e (D) $\frac{e}{h}$

33. ધાતુ પર ________ Vm-1 ના ક્રમનું વિદ્યુતક્ષેત્ર લગાડતાં, ઇલેક્ટ્રોનને ધાતુની સપાટીમાંથી બહાર કાઢી શકાય.

(A) $10^6$ (B) $10^8$ (C) $10^5$ (D) $10^2$

34. . લિથિયમ ધાતુની થ્રેશોલ્ડ તરંગલંબાઈ 6250 Å છે, તો ફોટો-ઇલેક્ટ્રોનનું ઉત્સર્જન કરવા આપાત વિકિરણની તરંગલંબાઈ ________ હોવી જરૂરી છે.

(A) 6250 Å કરતાં વધુ (B) 6250 Å જેટલી અથવા વધુ

(C) 6250 Å જેટલી (D) 6250 Å જેટલી અથવા ઓછી

35. નીચેનામાંથી કોની ડી-બ્રોગ્લી તરંગલંબાઈ સૌથી વધુ હશે, જો તેઓ સમાન વેગથી ગતિ કરતાં હોય ?

(A) ન્યુટ્રોન (B) પ્રોટોન (C) $\beta$ – કણ (D) $\alpha$ – કણ

36. એક પ્રયોગમાં ફોટોઇલેક્ટ્રિક કટ-ઓફ વોલ્ટેજ 1.5 V છે. ઉત્સર્જાયેલા ફોટો ઇલેક્ટ્રોનની મહત્તમ ગતિઊર્જા કેટલી હશે ?

(A) $1.5 \times 1.6 \times 10^{-19}$eV (B) 1.5 J

(C) $2.4 \times 10^{-19}$ J (D) 2.4eV

37. હાઈડ્રોજન પરમાણુની ધરા અવસ્થાની ઊર્જા –13.6eV છે. આ અવસ્થામાં ઇલેક્ટ્રોનની ગતિઊર્જા અને સ્થિતિઊર્જા કેટલી હશે ?

(A) 13.6 eV,–27.2 eV (B) 13.6 eV, 27.2eV

(C) –13.6eV,–27.2eV (D) 27.2eV,–13.6eV

38. સન્મુખ સંઘાતના કિસ્સામાં સંઘાત પ્રાચલ લઘુતમ હોય, ત્યારે $\theta$ = ________ rad
(જ્યાં $\theta$ = $\alpha$– કણ માટે પ્રકીર્ણન કોણ)

(A) 0 (B) $\frac{\pi}{4}$ (C) $\frac{\pi}{2}$ (D) $\pi$

39. પ્રથમ ત્રણ બોહ્‌ર કક્ષાઓનો ગુણોત્તર ________

(A) $1 : \frac{1}{2} : \frac{1}{3}$

(B) 1 : 2 : 3

(C) 1 : 4 : 9

(D) 1 : 8 : 27

40. હાઈડ્રોજન પરમાણુની દ્વિતીય કક્ષામાં રહેલ ઈલેક્ટ્રોનની રેખીય વેગમાનની ચાકમાત્રા ________ છે.

(A) $\frac{2h}{\pi}$ (B) $\frac{h}{\pi}$

(C) $n\pi$ (D) $2\pi h$

41. ભારે સ્થાયી ન્યુક્લિયસો પ્રોટોન કરતાં વધુ ન્યુટ્રોન ધરાવે છે. આનું કારણ એ હકીકત છે કે,

(A) પ્રોટોન કરતાં ન્યુટ્રોન ભારે હોય છે.

(B) પ્રોટોન વચ્ચે સ્થિત વિદ્યુત બળ અપાકર્ષી હોય છે.

(C) ન્યુટ્રોન્સ બીટા $\beta$ ક્ષય દ્વારા પ્રોટોનમાં ક્ષય પામે છે.

(D) ન્યુટ્રોન વચ્ચેનાં ન્યુક્લિયર બળો પ્રોટોન વચ્ચેનાં બળો કરતાં નબળાં હોય છે.

42. $^{198}{}_{80}Hg$ અને $^{197}{}_{79}Au$ એકબીજાના ________ છે.

(A) આઈસોમર (સમઘટકો) (B) આઈસોબાર (સમદળીયા)

(C) સમસ્થાનિકો (D) આઈસોટોન

43. નીચે આપેલ ન્યુક્લિઅર વિખંડન પ્રક્રિયા પૂર્ણ કરો.

$^{1}_{0}n + ^{235}_{92}U \rightarrow ^{236}_{92}U \rightarrow ^{144}_{36}Ba + ...... + 3^{1}_{0}n$

(A) $^{94}_{38}Sr$ (B) $^{89}_{36}Kr$ (C) $^{99}_{41}Nb$ (D) $^{133}_{51}Sb$

44. 1 ગ્રામ દ્રવ્યની સમતુલ્ય ઊર્જા ________ છે.

(A) $4 \times 10^{12}$ J (B) $9 \times 10^{13}$ J (C) $6 \times 10^{11}$ J (D) $7 \times 10^{12}$ J

45. પ્રોટોન (હાઇડ્રોજનના ન્યુક્લિયસ)ની ત્રિજ્યા ________ m છે.

(A) $1.1 \times 10^{-15}$ (B) $10^{-15}$ (C) $1.1 \times 10^{-14}$ (D) $10^{-14}$

46. તાપમાનના વધારા સાથે અર્ધવાહકની વાહકતા વધે છે. કારણ કે,

(A) મુક્ત પ્રવાહ વાહકોની સંખ્યા ઘનતા વધે છે.

(B) રિલેક્સેશન સમય વધે છે.

(C) વાહકોની સંખ્યા ઘનતા અને રિલેક્સેશન સમય બંને વધે છે.

(D) પ્રવાહ વાહકોની સંખ્યા ઘનતા વધે છે. રિલેક્સેશન સમય ઘટે છે, પરંતુ રિલેક્સેશન સમયમાં થતાં ઘટાડાની અસર સંખ્યા ઘનતામાં થતાં વધારાની સાપેક્ષમાં ઘણી જ ઓછી હોય છે.

47(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

આકૃતિમાં જ્યારે $p$-$n$ જંક્શનના બે છેડા વચ્ચે બેટરી જોડેલ ન હોય, ત્યારે જંક્શન પરનું પોટેન્શિયલ બેરિયર $V_0$ છે.



(A) 1 અને 3 બંને જંક્શનના ફોરવર્ડ બાયસને અનુરૂપ છે.

(B) 3 જંક્શનના ફોરવર્ડ બાયસને અનુરૂપ જ્યારે 1 જંક્શનના રિવર્સ બાયસને અનુરૂપ છે.

(C) 1 જંક્શનના ફોરવર્ડ બાયસને અનુરૂપ જ્યારે 3 જંક્શનના રિવર્સ બાયસને અનુરૂપ છે.

(D) 3 અને 1 બંને જંક્શનના રિવર્સ બાયસને અનુરૂપ છે.

47(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

$n$ પ્રકારના સીલીકોન માટે નીચેના વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(A) ઈલેક્ટ્રોન મેજોરીટી વાહકો છે અને ટ્રાઈવેલેન્ટ પરમાણુઓ ડોપંટ છે.

(B) ઈલેક્ટ્રોન માઈનોરીટી વાહકો છે અને પેન્ટાવેલેન્ટ પરમાણુઓ ડોપંટ છે.

(C) હોલ્સ માઈનોરીટી વાહકો છે અને પેન્ટાવેલેન્ટ પરમાણુઓ ડોપંટ છે.

(D) હોલ્સ મેજોરીટી વાહકો છે અને ટ્રાઈવેલેન્ટ પરમાણુઓ ડોપંટ છે.

48. કાર્બન, સિલિકોન અને જર્મેનિયમ દરેકને ચાર વેલેન્સ ઇલેક્ટ્રોન હોય છે. તેમને અનુક્રમે $(E_g)_C$, $(S_g)_{Ge}$ અને $(E_g)_{Ge}$ જેટલાં ઊર્જા એન્ડ ગેપ વડે છૂટા પાડતા વેલેન્સ અને કન્ડક્શન બેન્ડ વડે દર્શાવવામાં આવે છે. નીચેનામાંથી કયું વિધાન સત્ય છે ?

(A) $(E_g)_{si} < (E_g)_{Ge} < (E_g)_C$

(B) $(E_g)_C > (E_g)_{si} > (E_g)_{Ge}$

(C) $(E_g)_C < (E_g)_{Ge} > (E_g)_{si}$

(D) $(E_g)_C = (E_g)_{si} = (E_g)_{Ge}$

49. બાયસિંગ કર્યા (બેટરી જોડ્યા) વગરના $p$-$n$ જંક્શનમાં, હોલ $p$- વિસ્તારમાંથી $n$- વિસ્તારમાં વિસરણ (Diffuse) પામે છે. કારણ કે, ________

(A) $n$- વિસ્તારના મુક્ત ઇલેક્ટ્રોન તેમને આકર્ષે છે.

(B) તેઓ સ્થિતિમાન તફાવતના કારણે જંક્શનમાં થઈને ગતિ કરે છે.

(C) $p$- વિસ્તારમાં હોલની સંખ્યા-ઘનતા $n$- વિસ્તાર કરતાં વધુ હોય છે.

(D) ઉપરના બધા

50. $p$-$n$ જંક્શનમાં જો અશુદ્ધિનું પ્રમાણ ઓછું હોય તો ________

(A) એપ્લિકેશન વિસ્તારની પહોળાઈ વધારે હોય છે.

(B) ડિપ્લેશન વિસ્તારની પહોળાઈ ઓછી હોય છે.

(C) જંક્શન પાસેનું વિદ્યુતક્ષેત્ર પ્રબળ હોય છે.

(D) જંક્શન પાસેનું વિદ્યુતક્ષેત્ર સમાન જ રહે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 ભૌતિક વિજ્ઞાન (054) (વિજ્ઞાન પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

## PART - B

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

સૂચનાઓ : (1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

(2) આ પ્રશ્નપત્રના PART-Bમાં ત્રણ વિભાગો છે અને A, B અને C છે.

(3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. દરેક વિભાગમાં જનરલ વિકલ્પો આપેલા છે.

(4) વિભાગની જમણી બાજુના અંક તે વિભાગના ગુણ દર્શાવે છે.

(5) નવો વિભાગ નવા પાના પર લખવો.

(6) પ્રશ્નોના વિભાગીય ક્રમ જાળવવા.

(7) વિદ્યાર્થીઓ જરૂર જણાય ત્યાં સાદા કેલ્ક્યુલેટર અને લોગટેબલનો ઉપયોગ કરી શકશે.

(8) આ પ્રશ્નપત્રમાં પ્રશ્ન નંબરો 1(B), 3(B), 5(B), 7(B), 14(B), 15(B), 17(B), 19(B), 20(B), 22(B), 23(B) અને 27(B) ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે.

## વિભાગ : A

- નીચે આપેલા પ્રશ્ન નં. 1 થી 12 માંથી માગ્યા મુજબ ગમે તે 8 પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નના 2 ગુણ) [16]

1(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સમાન બાહ્ય વિદ્યુતક્ષેત્રમાં મૂકેલા વિદ્યુત ડાયપોલ પર લાગતા ટોર્કનું સૂત્ર મેળવો.

1(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

ગોસના નિયમ અંગેના કોઈપણ ચાર અગત્યના મુદ્દાઓ લખો.

2. 2.4 mનો વ્યાસ ધરાવતા એક સમાન વિદ્યુતભારિત ગોળા પર વિદ્યુતભારની પૃષ્ઠ ઘનતા $80.0\ \mu C/m^2$ છે.

(i) ગોળા પરનો વિદ્યુતભાર શોધો.

(ii) ગોળાની સપાટીમાંથી બહાર જતું કુલ વિદ્યુત ફ્લક્સ કેટલું હશે ?

$[\ \varepsilon_0 = 8.85 \times 10^{-12}\ C^2\ N^{-1}\ m^{-2}\ ]$

3(A). ફક્ત સામાન્ય વિદ્યાર્થીઓ માટે

વ્હીસ્ટન બ્રિજ એટલે શું ? તેનો સિદ્ધાંત સમજાવો.

3(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

કીર્ચોફના બંને નિયમોના ફક્ત વિધાનો લખો.

4. એક નાના ગજિયા ચુંબકને તેની અક્ષ 0.25T ના નિયમિત બાહ્ય ચુંબકીય ક્ષેત્ર સાથે $30^\circ$ કોણ બનાવે તે રીતે મૂકતાં તે $4.5 \times 10^{-2}$ J જેટલું ટોર્ક અનુભવે છે. ચુંબકની મેગ્નેટિકમોમેન્ટનું મૂલ્ય કેટલું હશે ?

5(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

ચુંબકીય ક્ષેત્રમાં ક્ષેત્રને લંબરૂપે U આકારના વાહકની બે ભુજાઓ પર ગતિ કરતા સળિયામાં ઉદ્ભવતા ગતિકીય emf માટેનું સૂત્ર મેળવો.

5(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

પ્રેરકત્વ કયા પરિબળો પર આધાર રાખે છે ? પ્રેરકત્વનો SI એકમ અને પરિમાણ લખો.

6. 27 mH ઇન્ડક્ટર સાથે 30 μF નું સંપૂર્ણ વિદ્યુતભારિત કેપેસિટર જોડેલ છે, તો પરિપથમાં થતાં મુક્ત વિદ્યુતભારના દોલનોની કોણીય આવૃત્તિ કેટલી હશે ?

7(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સમબાજુ પ્રિઝમ માટે $\delta = i + e - A$ સૂત્ર તારવો.

7(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

ઓપ્ટિકલ ફાઈબરના કોઈપણ બે ઉપયોગો જણાવો.

8. યંગના બે–સ્લિટના પ્રયોગમાં, બે સ્લિટો વચ્ચેનુ અંતર 0.28 mm અને પડદો 1.4 m દૂર મૂકેલો છે. મધ્યસ્થ પ્રકાશિત શલાકા અને સૌથી પ્રકાશિત શલાકા વચ્ચેનું અંતર 1.2 cm જેટલું માપવામાં આવે છે. પ્રયોગમાં પ્રકાશની તરંગલંબાઈ શોધો.

9. લેસર વડે $6.0 \times 10^{14}$Hz આવૃત્તિનો એકરંગી પ્રકાશ ઉત્પન્ન થાય છે. ઉત્સર્જાયેલ પાવર 2 .0 $\times 10^{-3}$ W છે. (a) પ્રકાશની કિરણાવલિ (beam) માં રહેલા ફોટોની ઊર્જા કેટલી હશે ? (b) ઊર્જા સ્રોત દ્વારા સરેરાશ રીતે એક સેકન્ડ દીઠ કેટલા ફોટોન ઉત્સર્જાતા હશે ?

10. બોહ્‌રના પરમાણુ મોડલની મર્યાદાઓ જણાવો.

11. સૂર્ય અને તારાઓમાં ઊર્જાના સ્રોત તરીકે તાપ ન્યુક્લિયર પ્રલયનની પ્રક્રિયા સમજાવો.

12. *p*- પ્રકારના અને *n*- પ્રકારના અર્ધવાહકો વચ્ચેના તફાવતના ચાર મુદ્દાઓ લખો.

## વિભાગ : B

- નીચે આપેલા પ્રશ્ન નં. 13 થી 21માંથી માગ્યા પ્રમાણે ગમે તે 6 પ્રશ્નોના ઉત્તર આપો. (દરેક પ્રશ્નના 3 ગુણ) [18]

13. 12 cm ત્રિજ્યાના એક ગોળાકાર સુવાહકની સપાટી પર $1.6 \times 10^{-7}$ C વિદ્યુતભાર નિયમિત રીતે વિતરીત થયેલો છે.

(i) ગોળાની અંદર

(ii) ગોળાની તરત બહાર

(iii) ગોળાના કેન્દ્રથી 18cm અંતરે ઓલા બિંદુએ – વિદ્યુતક્ષેત્ર કેટલું છે ?

14(A). સૌમાન્ય વિદ્યાર્થીઓ માટે

બે અસમાન મૂલ્યના કોષોના સમાંતર જોડાણ માટે સમતુલ્ય emf નું સૂત્ર તારવો.

14(B). ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

વિદ્યુતપ્રવાહ ઘનતા એટલે શું ? વિદ્યુત પ્રવાહ ઘનતાના પદમાં ઓહમનો નિયમ મેળવો.

15(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

બાયો-સાવર્ટના નિયમની મદદથી વિદ્યુતપ્રવાહધારિત વર્તુળાકાર પ્રવાહમાળા (રિંગ)ની અક્ષ પર ચુંબકીય ક્ષેત્રનું સમીકરણ મેળવો.

15(B). ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

ચુમ્બકીય ક્ષેત્ર માટેના બાયોસાવરના નિયમ અને વિદ્યુતક્ષેત્ર માટેના કુલંબના નિયમ માટે કોઈપણ ત્રણ સામ્યતાઓ અને ત્રણ વિષમતાઓ લખો.

16. (i) ચુંબકીય ક્ષેત્ર B, ક્ષેત્રફળ A અને સોલેનોઈડની લંબાઈ $l$ ના પદોમાં સોલેનોઈડમાં સંગ્રહિત ચુંબકીય ઊર્જા માટેનું સૂત્ર મેળવો.

(ii) આ ચુંબકીય ઊર્જાને કેપેસિટરમાં સંગ્રહિત સ્થિત વિદ્યુત (ઇલેક્ટ્રોસ્ટેટિક) ઊર્જાની સાથે કેવી રીતે સરખાવી શકાય છે ?

17(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ચલિત (બદલી શકાય તેવી) આવૃત્તિવાળો 230 V ac સ્રોત L-C-R પરિપથ સાથે જોડેલ છે. L = 5.0 H, C = 80 μF, R = 40Ω છે.




(i) પરિપથને અનુનાદની સ્થિતિમાં લાવવા માટે સ્રોતની આવૃત્તિ નક્કી કરો.

(ii) અનુવાદ આવૃત્તિએ પરિપથનો ઇમ્પિડન્સ અને પ્રવાહનો કંપવિસ્તાર શોધો.

(iii) પરિપથનાં ત્રણેય ઘટકોનાં બે છેડા વચ્ચેનો rms વોલ્ટેજ (સ્થિતિમાન તફાવત) શોધો.

17(B). ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

વાસ્તવિક ટ્રાન્સફોર્મરમાં કયા કારણોસર અલ્પમાત્રામાં ઊર્જાનો વ્યય થાય છે અને ઊર્જાનો વ્યય ઘટાડવા માટેના ઉપાયો જણાવો. (ગમે તે ત્રણ)

18. (i) કાચના લેન્સ માટે f = 0.5 m હોય તો લેન્સનો પાવર કેટલો હશે ? (ii) દ્વ-બહિર્ગોળ લેન્સની બંને બાજુઓની વક્રતાત્રિજ્યા અનુક્રમે 10 cm અને 15 cm છે. તેની કેન્દ્રલંબાઈ 12 cm હોય તો લેન્સના દ્રવ્ય (કાચનો0 વક્રીભવનાંક કેટલો હશે ? (ii) એક બહિર્ગોળ લેન્સની હવામાં કેન્દ્રલંબાઈ 20 cm છે. તો પાણીમાં તેની કેન્દ્રલંબાઈ કેટલી હશે ? (હવા-પાણીનો વક્રીભવનાંક 1.33 છે. હવા-કાચ માટે વક્રીભવનાંક 1.5 છે.)

19(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

હાઈગેન્સના સિદ્ધાંતની મદદથી પાતળા માધ્યમમાંથી ઘટ્ટ માધ્યમ પર આપાત થતાં સમતલ તરંગનું વક્રીભવન સમજાવો.

19(B). ફક્ત દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

589 mm તરંગલંબાઈ ધરાવતો એકરંગી પ્રકાશ હવામાંથી પાણીની સપાટી ઉપર આપત થાય છે. તો (a) પરાવર્તિત અને (b) વક્રીભુત પ્રકાશની તરંગલંબાઈ, આવૃત્તિ અને ઝડપ કેટલી હશે ? પાણીનો વક્રીભવનાંક 1.33 છે.

20(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

ફોટોઇલેક્ટ્રિક અસરના પ્રયોગમાં વિદ્યુતસ્થિતિમાનની ફોટોઇલેક્ટ્રિક પ્રવાહ પર અસર સમજાવો.

20(B). ફક્ત દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

ફોટોઇલેક્ટ્રિક અસરના પ્રયોગની ગમે તે ત્રણ પ્રાયોગિક લાક્ષણીકતાઓ અને અવલોકનનો સારાંશ જણાવો.

21. ગેઈગર-માર્સ્ડનના પ્રયોગમાં 7.7 MeV α− કણ ક્ષણિક સ્થિર બનીને તેની દિશા ઊલટાવે તે અગાઉ ન્યુક્લિયસથી તેનું નજીકતમ અંતર (Distance of Closest Approach) કેટલું હશે ?

## વિભાગ : C

- નીચે આપેલા પ્રશ્ન નં. 22 થી 27 માંથી માગ્યા મુજબ ગમે તે ચાર પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (દરેકના 4 ગુણ) [16]

22(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

સમાંતર પ્લેટ કેપેસિટર માટે કેપેસિટન્સનું સૂત્ર મેળવો. વ્યવહારમાં 1 F એકમ બહુ મોટો એકમ છે શાથી ?

22(B). ફક્ત દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

(1) દરેક 9 pF કેપેસીટન્સ ધરાવતા ત્રણ કેપેસીટરોને શ્રેણીમાં જોડેલ છે.

(i) આ સંયોજનનું કુલ કેપેસીટન્સ કેટલું હશે ?

(ii) આ સંયોજનને 120 Vના સપ્લાય સાથે જોડવામાં આવે તો દરેક કેપેસીટરને સમાંતર વિદ્યાતસ્થિતીમાનનો તફાવત કેટલો થશે ?

(1) 2 pF, 3 pF અને 4 pF કેપેસીટરોને સમાંતર જોડેલા છે.

(i) આ સંયોજનનું કુલ કેપેસીટન્સ શોધો.

(ii) આ સંયોજનને 100 Vના સપ્લાય સાથે જોડવામાં આવે તો દરેક કેપેસીરટનો સમાંતર વિદ્યાતભાર શોધો.

23(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

વ્હીસ્ટન બ્રિજની ચાર ભુજાઓ (આકૃતિ)ને નીચે મુજબના અવરોધો છે.

AB = 100 Ω , BC = 10 Ω, CD = 5 Ω અને DA = 60 Ω

15Ω અવરોધ ધરાવતું ગેલ્વેનોમીટર B અને D વચ્ચે જોડેલ છે. જ્યારે AC ને સમાંતર સ્થિતિમાનનો તફાવત 10V જેટલો જાળવી રાખવામાં આવે ત્યારે ગેલ્વેનોમીટરમાંથી વહેતો પ્રવાહ ગણો.




23(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

(1) 1.5 A વિદ્યુતપ્રવાહનું વાહન કરતા અને $1.0 \times 10^{-7}$ $m^2$ જેટલું આડછેદનું ક્ષેત્રફળ ધરાવતા એક તારમાંથી વાહન પામતા ઈલેક્ટ્રોન માટે સરેરાશ ડ્રીફ્ટ ઝડપ જણાવો. એવું ધારો કે દરેક કોપરનો પરમાણુ લગભગ એક વાહક ઈલેક્ટ્રોન આપે છે. કોપરની ઘનતા $9.0 \times 10^3$ kg/$m^3$ અને તેનો પરમાણુ દળાંક 63.5 u છે.

(2) ઉપરોક્ત મળેલ ડ્રીફ્ટ ઝડપને

(i) સામાન્ય તાપમાને કોપર પરમાણુની ઉષ્મીય ઝડપ શોધો.

(ii) સુવાહકમાં આ ડ્રીફ્ટ ગતિ માટે જવાબદાર છે, તે વિદ્યુત ક્ષેત્રની પ્રસરણની ઝડપ સાથે સરખામણી કરો.

24. L-C-R શ્રેણી એ. સી. પરિપથ માટે સરેરાશ પાવરનું સૂત્ર મેળવો અને તેના જુદા-જુદા કિસ્સાઓની ચર્ચા કરો.

25. સામાન્ય નજીકબિંદુ (25 cm) ધરાવતો એક વ્યક્તિ 8.0 mm કેન્દ્રલંબાઈવાળા ઓબ્જેક્ટિવ અને 2.5 cm કેન્દ્રલંબાઈના આઈપીસ ધરાવતા સંયુક્ત માઈક્રોસ્કોપ વડે ઑબ્જેક્ટિવથી 9.0 mm દૂર રાખેલી વસ્તુનું સ્પષ્ટ પ્રતિબિંબ મેળવે છે. બંને લેન્સ વચ્ચેનું અંતર શોધો. માઈક્રોસ્કોપની મોટવણી શક્તિ પણ શોધો.

26. ડ્યુટેરિયમના 2.0kg ના વિખંડનથી 100W નો વિદ્યુત લેમ્પ કેટલો સમય સુધી પ્રકાશતો રાખી શકાય ? વિખંડન પ્રક્રિયા નીચે મુજબ થાય છે એમ ગણો.

$${}^2_1H + {}^2_1H \rightarrow {}^3_2He + n + 3.27 MeV$$

27(A). સામાન્ય વિદ્યાર્થીઓ માટે

અર્ધતરંગ રેક્ટિફાયર જરૂરી પરિપથ દોરી સમજાવો તથા ઇનપુટ અને આઉટપુટ વોલ્ટેજ વિરુદ્ધ સમયના આલેખ દર્શાવો.

27(B). ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે

(i) ધારો કે શુદ્ધ Si સ્ફટિકમાં $5.0 \times 10^{28}$ પરમાણુ/$m^3$ છે. તેને 1 ppm ઘનતા સાથે As વડે ડોપ કરવામાં આવે છે. ઈલેક્ટ્રોન અને હોલની સંખ્યા ગણો. $n_i = 1.5 \times 10^{16}\ m^{-3}$ આપેલ છે.

(ii) n પ્રકારના અર્ધવાહક પર ટૂંકનોંધ લખો.

---

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 જીવવિજ્ઞાન (056) (વિજ્ઞાન પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન(K) | સમજ(U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| PART-A ગુણ | 05 | 15 | 15 | 08 | 07 | 50 |
| PART-B ગુણ | 05 | 15 | 15 | 09 | 06 | 50 |
| કુલ ગુણ | 10 | 30 | 30 | 17 | 13 | 100 |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : (PART-A)

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ |
|---|---|---|---|
| 1. | બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો (MCQs) | 50 | 50 |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર : (PART-B)

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વગર | વિકલ્પ સાથે | |
| 1. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 08 | 12 | 16 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 3. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 04 | 06 | 16 |
| | કુલ | 18 | 27 | 50 |

### પ્રકરણદીઠ-યુનિટદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | | | યુનિટદીઠ ગુણભાર (વિકલ્પ વગર) |
|---|---|---|---|---|---|
| | | PART-A ગુણ | PART-B | | |
| | | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | સપુષ્પી વનસ્પતિઓમાં લિંગીપ્રજનન (09) | 05 | 04 | 04 | યુનિટ-1 (25) |
| 2. | માનવ-પ્રજનન (09) | 02 | 07 | 11 | |
| 3. | પ્રાજનનિક સ્વાસ્થ્ય (07) | 05 | 02 | 04 | |
| 4. | આનુવંશિકતા અને ભિન્નતાનાં સિદ્ધાંતો (09) | 03 | 06 | 10 | યુનિટ-2 (26) |
| 5. | આનુવંશિકતાનો આણ્વિય આધાર (09) | 04 | 05 | 05 | |
| 6. | ઉદ્વિકાસ (08) | 05 | 03 | 05 | |
| 7. | માનવ સ્વાસ્થ્ય અને રોગો (08) | 02 | 06 | 09 | યુનિટ-3 (15) |
| 8. | માનવ-કલ્યાણમાં સૂક્ષ્મ જીવો (07) | 04 | 03 | 05 | |
| 9. | બાયોટેક્નોલોજી : સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ (08) | 04 | 04 | 04 | યુનિટ-4 (16) |
| 10. | બાયોટેક્નોલોજી અને તેના પ્રયોજનો (08) | 05 | 03 | 06 | |
| 11. | સજીવો અને વસ્તી (06) | 04 | 02 | 04 | યુનિટ-5 (18) |
| 12. | નિવસનતંત્ર (06) | 04 | 02 | 05 | |
| 13. | જૈવ-વિવિધતા અને સંરક્ષણ (06) | 03 | 03 | 03 | |
| | કુલ ગુણ | 50 | 50 | 75 | 100 |

નોંધ : પ્રકરણદીઠ ગુણભાર નમૂનાના પ્રશ્નપત્ર મુજબનો છે જે બદલાઈ શકે છે, પરંતુ યુનિટદીઠ ગુણભાર બદલાવો જોઈએ નહીં.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12 જીવવિજ્ઞાન (056) (વિજ્ઞાન પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | PART - A | |
| 1 થી 50 | બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો<br>(દરેકનો 1ગુણ) | [50] |
| | PART - B | |
| 1 થી 12 | SECTION - A<br>ટૂંક જવાબી પ્રકારના 2 ગુણના કુલ 12 પ્રશ્નો છે.<br>તે પૈકી કોઈ પણ 8 પ્રશ્નોના ઉત્તર લખવા. | [16] |
| 13 થી 21 | SECTION - B<br>ટૂંક જવાબી પ્રકારના 3 ગુણના કુલ 9 પ્રશ્નો છે.<br>તે પૈકી કોઈ પણ 6 પ્રશ્નોના ઉત્તર લખવા. | [18] |
| 22 થી 27 | SECTION - C<br>વિસ્તૃત જવાબ પ્રકારના 4 ગુણના કુલ 6 પ્રશ્નો છે.<br>તે પૈકી કોઈ પણ 4 પ્રશ્નોના ઉત્તર લખવા. | [16] |
| | કુલ ગુણ | 100 |

નોંધ :

- Part - A નો સમય 1 કલાકનો રહેશે.
- Part - B નો સમય 2 કલાકનો રહેશે.
- પ્રશ્નપત્રમાં આકૃતિ/ચાર્ટ આધારિત પ્રશ્નો હોય તો, તે પ્રશ્નના વિકલ્પ તરીકે બે વિકલ્પ આપવા. જેમાં વિકલ્પ(A) સામાન્ય વિદ્યાર્થીઓ માટે અને વિકલ્પ(B) ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે છે તેમ સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) જીવવિજ્ઞાન (056)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક | નમૂનાનું પ્રશ્નપત્ર | કુલ ગુણ : 100

## PART - A

સમય : 60 મિનિટ | કુલ ગુણ : 50

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રના ભાગ - A માં બહુવિકલ્પ પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(2) પ્રશ્નની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
(3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરવો.
(4) આપને અલગથી આપેલ OMR પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○ (B) ○ (C) ○ (D) ○ આપેલા છે. તે પ્રશ્નનો જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
(5) રફ કાર્ય હેતુ આ ટેસ્ટ બુકલેટમાં આપેલી જગ્યા પર કરવાનું રહેશે.
(6) પ્રશ્નપત્રકમાં ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્ર સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.
(7) આપેલ પ્રશ્નપત્રમાં પ્રશ્ન નં. 24(B) અને 40(B) ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. આ પ્રશ્નો માટે સામાન્ય અને દૃષ્ટિહીન બંને વિદ્યાર્થીઓ માટે OMR પર માત્ર પ્રશ્નનો ક્રમ 24 અને 40 દર્શાવેલ છે. જેમાં યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપવાનો રહેશે.

1. નીચે પૈકીની કઈ જલીય વનસ્પતિમાં કીટકો કે પવન દ્વારા પરાગનયન થાય છે ?
   (A) વેલેસ્નેરિયા (B) દરિયાઈ ઘાસ
   (C) જળકુંભિ (D) આપેલ તમામ
2. નીચે પૈકીની કઈ જનીનિક ક્રિયાવિધિ સ્વપરાગને અવરોધે છે ?
   (A) દ્વિસદની વનસ્પતિ (B) અંતઃસંવર્ધન
   (C) સ્વ–અસંગતતા (D) એકસદની વનસ્પતિ
3. શુક્રકોષને સીધેસીધો અંડકોષમાં દાખલ કરવાની ART પદ્ધતિ કઈ છે ?
   (i) GIFT (ii) AI
   (iii) IUI (iv) ICSI
4. વિધાન–A-પરાગરજ ઊંચા તાપમાન અને જલજ એસિડ અને બેઈઝ સામે ટકી શકે છે.
   કારણ–R–પરાગરજનું બાહ્ય આવરણ સ્પોરોપોલિનિનનું બનેલું છે.
   (A) A અને R બંને સાચાં છે અને R એ A ની સમજૂતી છે.
   (B) A અને R સાચાં છે પરંતુ R એ Aની સમજૂતી નથી.
   (C) A સાચું છે અને R ખોટું છે.
   (D) A ખોટું અને R સાચું છે.
5. પરાગરજના લાંબા સમયનાં સંગ્રહ માટે કયું તાપમાન યોગ્ય છે ?
   (A) 0°C (B) 37°C (C) 100°C (D) –196° C

6. નીચેનામાંથી બીજ દેહશેપ ધરાવતા સમૂહને ઓળખો.

(A) કાળામરી, બીટ (B) કાળામરી, વટાણા

(C) બીટ, ચણા (D) વટાણા, વાલ

7. કોલમ-I અને કોલમ-II ને યોગ્ય રીતે જોડો :

| કોલમ-I | કોલમ-II |
|---|---|
| (P) માયોમેટ્રીયમ | (i) ગર્ભાશયનું સૌથી બહારનું સ્તર |
| (Q) પેરિમેટ્રીયમ | (ii) ગર્ભાશયનું મધ્યસ્તર |
| (R) એન્ડોમેટ્રીયમ | (iii) ગર્ભાશયનું સૌથી અંદરનું સ્તર |
| (S) મોન્સ પ્યુબિસ | (iv) મેદપેશીનું બનેલું |

(A) (P-i), (Q-ii), (R-iv), (S-iii) (B) (P-ii), (Q-i), (R-iii), (S-iv)

(C) (P-ii), (Q-iii), (R-iv), (S-i) (D) (P-iv), (Q-iii), (R-ii), (S-i)

8. નીચેનામાંથી સાચા વિધાનો વાળો વિકલ્પ પસંદ કરો.

(1) શુક્રકોષ સરટોલી કોષોમાંથી પોષણ મેળવે છે.

(2) સરટોલી કોષો એન્ડ્રોજન ઉત્પન્ન કરે છે.

(3) લેડિંગ કોષો એન્ડ્રોજન સંશ્લેષણ કરે છે.

(4) લેડિંગ કોષો અંડપિંડમાંથી ઉત્પન્ન થાય છે.

(5) ઋતુચક્ર ગર્ભાવસ્થા દરમિયાન જોવા મળતું નથી.

(A) 1, 3 અને 5 સાચાં છે. (B) 3 એ 5 સાચાં છે.

(C) 2, 4 અને 5 સાચાં છે. (D) 3, 4 અને 5 સાચાં છે.

9. કઈ પદ્ધતિના ઉપયોગ પછી પુનઃ ગર્ભ સ્થાપનની શક્યતા હોતી નથી ?

(A) ભૌતિક અવરોધન પદ્ધતિ (B) રાસાયણિક અવરોધન પદ્ધતિ

(C) વંધ્યીકરણ પદ્ધતિ (D) કુદરતી અવરોધન પદ્ધતિ

10. જાતીય સંક્રમિત રોગ કયા સૂક્ષ્મજીવો દ્વારા સંક્રમિત થાય છે ?

(A) વાઈરસ, બેક્ટેરિયા (B) ફૂગ, પ્રજીવ

(C) વાઈર, બેક્ટેરિયા, ફૂગ (D) વાઈરસ, ફૂગ, બેક્ટેરિયા, પ્રજીવ

11. વિધાન-A : દંપતીએ ઋતુચક્રનાં 10 થી 17 દિવસ દરમિયાન સમાગમથી દૂર રહેવું જોઈએ.

કારણ-R : ઋતુચક્રનાં 10 થી 17 દિવસ દરમિયન ફલનની શક્યતા સૌથી વધારે હોય છે.

(A) A અને R સાચાં છે અને R એ Aની સમજૂતી છે.

(B) A અને R સાચાં છે પરંતુ R એ Aની સમજૂતી નથી.

(C) A સાચું અને R ખોટું છે.

(D) A ખોટું અને R સાચું છે.

12. ગર્ભાશયમાં મૂકેલ કોપર સાધન (IUDs) માંથી મુક્ત થતાં કોપર આયનોનું કાર્ય .....

(A) શુક્રકોષનું ભક્ષણ વધારે છે.

(B) અંડકોષ મુક્ત થવાની ક્રિયાને અટકાવે છે.

(C) ગર્ભાશયને ગર્ભસ્થાપન માટે તૈયાર કરે છે.

(D) શુક્રકોષોની ગતિશીલતા અને ફલન ક્ષમતાને અવરોધે છે.

13. રંગસૂત્રોનો વ્યવહાર પણ જનીનની જેવો છે. તેનો અભ્યાસ કરનાર વૈજ્ઞાનિક કયા છે ?

(A) કોરેન્સ અને શેરમાર્ક (B) મોર્ગન અને દ્-વ્રિઝ

(C) સટન અને બોવરી (D) મેન્ડલ અને બોવરી

14. ટર્નર સિન્ડ્રોમ થવા માટે જવાબદાર સ્થિતિ કઈ છે ?

(A) XXY (B) XXX (C) XYY (D) XO

15. રંગઅંધતાનું પુરુષોમાં પ્રમાણ કેટલું જોવા મળે છે ?

(A) 0.4% (B) 8% (C) 40% (D) 80%

16. બે કાર્યો સાથે સંકળાયેલ જનીન સંકેત કયો છે ?

(A) UAA (B) AUG (C) CUC (D) GAG

17. VNTR - નું પૂર્ણ નામ જણાવો.

(A) વેરિયબલ નંબર ઓફ ટેન્ડમ રિપિટ્સ

(B) વેરિયેબલ ન્યુક્લિઓટાઈડ ટેન્ડમ રિપિટ્સ

(C) વેરિયેબલ ન્યુક્લિઓટાઈડ ટેન્ડમ રિબોઝોમ્સ

(D) વેરિયેબલ નંબર ટેન્ડમ રિબોઝોમ્સ

18. DNAનાં ખંડોનું શેની મદદથી અલગીકરણ કરી શકાય છે ?

(A) ગેસ ક્રોમેટોગ્રાફી (B) ઇલેક્ટ્રોફોરેસિસ

(C) PCR (D) લાયગેઝ

19. બોગનવેલનાં પ્રકાંડ-કંટક અને કોળાનાં પ્રકાંડસૂત્રો એ શેનાં ઉદાહરણ છે ?

(A) રચનાસદેશ અંગો (B) કાર્યસદેશ અંગો

(C) અવશિષ્ટ અંગો (D) એકપણ નહિ

20. વિધાન–X : મોટા ભાગના ઓસ્ટ્રેલિયન માર્સુપિલિયસ એકબીજાથી ભિન્ન હતા.

વિધાન–Y : ઓસ્ટ્રેલિયન માર્સુપિલિયસ ભિન્ન-ભિન્ન પૂર્વજોમાંથી ઉદ્‌વિકાસ પામેલા હતા.

(A) વિધાન X અને Y સાચાં છે. (B) વિધાન X સાચું અને Y ખોટું છે.

(C) વિધાન X ખોટું અને Y સાચું છે. (D) વિધાન X અને Y બંને ખોટાં છે.

21. True-False (T-F)- પ્રકારનાં પ્રશ્નોના આપેલ વિધાનો સાચાં (T) છે, કે ખોટાં (F) તેના માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) કાર્યસદેશ અંગો-કીટકો, પક્ષીઓ (B) અવશિષ્ટ અંગો—આંત્રપુચ્છ, ડહાપણની દાઢ

(C) સમમૂલક અંગો—માનવ, પક્ષી, વ્હેલ (D) જોડતી કડી – મત્સ્ય અને સરિસૃપ

(A) TFFT (B) TTFF (C) TTTF (D) TTTT

22. જીવન રચવા માટે અતિ મહત્ત્વનો અણુ કયો છે ?

(A) પ્રોટીન (B) ન્યુક્લિઓ પ્રોટીન

(C) કાર્બોદિત (D) લિપિડ

